
નવજોત પોથી



ચેરાગ ઑફીસ

१५३८

[illegible]

અહુર

ખુલાસો.

જરથોશતી બાળકો માટે નવજોત વેળા કામ આવે એવા ઈરાદાથી એક બે સારી પોથીઓ રચાઇ છે, પણ જે ઉંમરના બાળકો માટે તે રચવામાં આવી છે તે ઉમરે માટે લગાર ભારી લાગે છે. એટલા માટે કે, તેટલી ઉમરે આજે તે બાળકોને માથે ધર્મજ્ઞાન ઉપરાંત સંસારી શિક્ષણનો મોટો બોજો નાખવામાં આવેલો હોય છે. તેથી બાળપણથીજ ધર્મજ્ઞાનનો કંટાળો ખાઇ તેઓ મોટી ઉમરે ધર્મ માટે બેદરકાર થાય, તો તે સ્વભાવીક છે. એ રીતે આપણી મુશકેલીનો ઉપાય મનમાનતી રીતે થયલો ગણાય નહી: તેથી આ નાની પોથી રચવામાં આવી છે.

બાળકોનું મન રીજવવા આ પોથીના દરેક પાઠના મથાળાંને ફુલો વગેરેથી શણગારી રમણીય કીધા છે.

શીક્ષકો અથવા માબાપોએ બાળકોને ભારી લાગે એવા શબ્દો નમ્રતાથી સમજાવવા. મોટા પેરેગ્રાફો હોય ત્યાં શિક્ષકોએ જવાબોની સઘલી વીગતો જેમ છે તેમ મેળવવાની કોશેશ કરવી નહિં; પણ બાળક પોતાની ખુશીથી અને સેહેલાઇથી જે જવાબ આપે તે મેળવવો, અને તેને લગતા આડાતેડા સવાલો કરી બાળકોમાં originality [નતી અક્કલ] ખીલવવાની કોશેશ કરવી. શિક્ષકોએ કદી પણ સખ્ત થવું નહી; પણ દયા અને પ્રેમથીજ શિખવવું. ધમકી કે સોટીનો ઉપયોગ કદીપણ કરવો નહીં.

આ પોથીમાં અવસ્તાનો સાર એમ૦ કાવસજી એદલજી કાંગાના તરજુમાને આધારે આપવામાં આવ્યો છે; અને એમ૦ બરજોરજી એરચજી બન્નંની "નવજોત શિક્ષક" તથા "અદના અભ્યાસી" ની પેહલી ચોપડીની મદદ લેવામાં આવી છે.

આ પોથી લખવાની સુચંના એક માનવંત બેહેનથી થઇ હતી, જેઓએ નમુના તરીકે એક બીના પણ લખી હતી, જે બીના આ પોથીની શરૂઆતમાં લપેટી લીધી છે; તથા એ છપાવાનો કેટલોક ખર્ચ રંગુનવાસી ભાઇ હોરમસજી બરજોરજીએ આપેલો હોવાથી, એની કિમ્મત માત્ર નામની રાખવામાં આવી છે.

ન. ફ. બાલીમોરીયા.



શાંકળિયું.

પાઠ ૧ લો.

નવજોત.

સવાલ.—નવજોત એટલે શું?

જવાબ.—જરથોશ્તી દીનમાં દાખલ થવાની ક્રિયા.

સ.—'નવજોત' શબ્દનું મૂળ શું?

જ.—એ શબ્દ ફારસી "નવજાદ" છે. જેનો અર્થ નવો જન્મ લેનાર એમ થાય છે.

સ.—તમો એક વેળા તો જન્મ લઇ ચુક્યાં, ત્યારે વળી આ બીજો જન્મ તે શું?

જ.—એ તો ખાકી જન્મ છે; પણ નવજોત તો મીનોઇ જન્મ છે.

સ.—મીનોઇ જન્મ એટલે શું?

જ.—અષોઇના માર્ગમાં દાખલ થવાની પેહેલી ક્રિયાને 'નવજોત' કહે છે. તેમાં હવે હું મઝદયસ્ની–ઝરથોસ્તી દીન મુજબ દાખલ થઇશ.

સ.—મઝદયસ્ની–ઝરથોસ્તી દીન કોણુને કહેવી?

જ.—જે મુજબ ચાલવાથી બેઉ જેહાંનનું સુખ મળે છે.

સ.—દીન એટલે શું?

જ.—ખુદાઇ કાયદા, જેનાથી તમામ હસ્તીનો કારોબાર ચાલે છે.

સ.—એ કાયદા કોણુની મારફતે મલે છે?

જ.—પેગામ્બર સાહેબની મારફતે.

સ.—પેગામ્બર સાહેબની જરૂર શા સારૂ છે?

જ.—માણસ જાતને પોતાની ખરી ફરજ શીખવવા માટે; તે જો નહીં શીખીયે તો બેઉ જેહાંનમાં દુઃખી થઇયે.

સ.—બેઉ જેહાંન તે કઇ?

જ.—એક આ દેખઇતી, અને બીજી મીનોઇ, અથવા અનદીઠ, જે આપણુને આ ખાકી આંખે દેખાતી નથી.

સ.—ત્યારે તે ફરજો શી છે?

જ.—આપણુ માણુસ જાત કોણુ છીએ, ક્યાંથી આવ્યાં, અને પાછાં ક્યાં જઇશું, તે સમજવાની, તેમજ ખુદા અને ખુદરત વિષેનું જ્ઞાન મેળવવાની.

સ.—પેગામ્બર કોણને કહીયે ?

જ.—ખુદા અને કુદરતના તમામ ભેદો અને તેના તમામ કાયદાઓ જાણે, અને તે લોકોને શીખવે, તેને.

સ.—પેગામ્બર કેવા હોવા જોઇએ ?

જ.—ઘણાજ તુરમંદ તનના, અને ઉત્તમ મનશક્તિના તથા સંપૂર્ણ આત્મિક અથવા મીનોઇ જ્ઞાનવાળા.

સ.—તમારા પેગામ્બરનું નામ શું ?

જ.—અશો જરથોસ્ત.

સ.—તમારા ધર્મનું નામ શું ?

જ.—મઝ્દયસ્ની-જરથોસ્તી દીન.

સ.—એ દીનનાં મુખ્ય ફરમાનો શું છે ?

જ.—હુમ્ત, હુખ્ત, અને હ્વર્સ્ત, અથવા ભલું વિચારવું; ભલું બોલવું, અને ભલાં કામો કરવાં.

સ.—એ ત્રણ ફરમાનો મુજબ આપણે બરોબર ચાલીએ તો કેવાં થઇયે ?

જ.—પરમાર્થી અને અષો અથવા પવિત્ર.

સ.—અષો કોણને કહેવા ?

જ.—ખુદાને પોંહોચેલા નરને, તેમજ અષોઇથી અથવા પવિત્રાઇથી ચાલે તેને.

સ.—અષોઇ શાની ?

જ.—તનની, મનની, અને અંત:કરણની.

સ.—તનની અષોઇ કેમ જાળવવી ?

જ.—નિર્દોષ, સાદા અને ચોખ્ખા ખોરાકથી, તથા નહાવા ધોવાથી, તથા સ્વચ્છ કપડાં પહેરવાથી.

સ.—મનની અષોઇ કેમ જાળવવી ?

જ.—હમેશાં નેક વિચાર કરવાથી અને ખરાબ વિચારો દુર કરવાથી.

સ.—અંત:કરણની અષોઇ કેમ જાળવવી ?

જ.—હરદમ દાદાર અહુરમજ્દની યાદ મનમાં રાખવાથી, પરમાર્થી તથા નેક કામો કરવાથી, મોહબત અને દયા વધારવાથી. અને જુદાઇ ટાળવાથી.

સ.—નેક કામો કોણને કહીયે ?

જ.—અહુરમજ્દની આરાધના કરવી, સાચું બોલવું, ખરાબ ટેવોને તજી દેવી, મા-બાપ તથા વડીલોને માન આપવું, મહેનત તથા સખાવત કરવી, માફી બક્ષવી. બીજાંનું દુ:ખ ટાળવામાં મદદ કરવી, પ્રાણીઓ ઉપર દયા કરવી, બદલાની આશા નહીં રાખવી, વિગેરે.



પાઠ ૨ જો.

સુદરેહ-કુસ્તી.

સવાલ.—નવજોત વખતે તમોને જે ઉત્તમ ભેટ આપવામાં આવે તેનું નામ શું?

જવાબ.—સુદરેહ અને કુસ્તી.

સ.—સુદરેહ એટલે શું?

જ.—એ શબ્દ ફારસી છે, અને એનો અર્થ સાચ્ચો માર્ગ થાય છે, તે ઉપરથી સાચ્ચો માર્ગ દેખાડનારૂ વસ્ત્ર.

સ.—સુદરેહ શાનો બનાવવો જોઇએ?

જ.—રૂના સફેદ કપડાંનો.

સ.—તેનું કારણ શું?

જ.—કારણ કે તે પવિત્રાઇની નીશાણી છે, અને તવંગર તથા ગરીબ એક સરખી રીતે મેળવી શકે છે.

સ.—જરથોસ્તી તરીકે ઓળખાવા માટે તે ઉપર શું નીશાણી જોઇએ?

જ.—ગીરેબાન, કે જે આપણને નેકીના કામોનો સંગ્રહ કરવાની યાદ આપે છે.

સ.—કુસ્તી એટલે શું?

જ.—માણસ અને ખુદા વચ્ચે સંબંધ જોડનાર જે પાક જરથોસ્તી દીન છે, તે ઉપર ઉસ્તવાર રહેવાનો કમરબંધ.

સ.—મજદયસ્ની-જરથોસ્તી બાળકો તરીકે તમારી દરરોજની ફરજ શી છે?

જ.—બામદાદમાં વહેલું ઉઠવું; ઉઠતી વેળા તુરતજ અહુરમજદ અને અશો પેગામ્બરનું નામ જુબાનપર લેવું; પછી દાંતનપાણી કરી, નાહી ધોઇ, બંદગી કરવી; પછી સંસારમાં ઉદ્યોગ કરવો; ઉદ્યોગ કરતાં મનમાં હરદમ અહુરમજદની યાદ ચાલુ રાખવી; પારકાનું ભલું કરવું; નીમેલા વખતોપર બંદગી કરવી; નેકીના કામો કરવાં; ખુદા વિષેનું માનોઇ જ્ઞાન જેટલું બની આવે તેટલું સંપાદન કરવું; ખુદા ઉપર જાનફેશાની કરવી, ઇત્યાદી.



પાઠ ૩ જો.

અષેમ્—પવિત્રાઇ.

અષેમ વોહૂ વહિશ્તેમ અસ્તી, ઉશ્તા અસ્તી, ઉશ્તા અહ્માઈ હ્યત અષાઇ વહિશ્તાઇ અષેમ.

[અર્થ.]

અષોઇ ઉત્તમ ન્યામત છે, [ખરૂ] સુખ છે. સુખ તેને છે કે જે સૌથી ઉત્તમ અષોઇને વાસ્તે અષો છે.

પાઠ ૪ થો.

ધર્મ.

સવાલ.—આપણી જીંદગીમાં સૌથી વધારે અગત્યનું શું?

જવાબ.—ધર્મ અથવા દીન.

સ.—ધર્મ વધારે અગત્ય કેમ ધરાવે છે?

જ.—કારણ કે તેનું જ્ઞાન આપણને હેવાનની હાલત ઉપરથી માણસાઇ હાલત ઉપર અને માણસાઇ હાલત ઉપરથી ફરેસ્તાઇ હાલત ઉપર લાવે છે.

સ.—ધર્મ જાણવાથી બીજો કાંઇ ફાયદો થાય છે કે?

જ.—હા, તેથી આપણને બેઉ જેહાંનનું સુખ મલે છે.

સ.—તે કેમ વારૂ?

જ.—આપણા દુઃખનું કારણ ધર્મ અથવા દીનના કાયદાઓ વિષે અજ્ઞાનપણું છે. તે કાયદા જાણીયે તો તે પ્રમાણે ચાલીયે, અને તેમ ચાલ્યાથી સુખ મળે; તે કાયદા નહીં જાણીયે તો તેથી ઉલટાં ચાલવાને લીધે દુઃખ આવે.



પાઠ ૫ મો.

સુખ.

સવાલ.—સુખ કેટલા પ્રકારનું છે?

જવાબ.—સુખ આ દુનિયાંનુ અને સુખ પેલી દુનિયાંનુ.

સ.—આ દુનિયાંનું સુખ તે કયુ?

જ.—તનદરોસ્તી, સંતોષ, મોહોબત, સાદાઇ, સચ્ચાઇ, પવિત્રાઇ, ખુશ મીજાજ, નેકી, પરોપકાર, ઉદ્યોગ, વગેરેમાં રહેવું તે.

સ.—પેલી દુનિયાંનુ સુખ તે શું?

જ.—આ દુનિયાંમાં એવી રીતે ચાલવાથી એવી કરણીની અસર તરીકે મરણુ પછી જે હાલત થાય છે તે. તેને આપણે બેહેસ્તનુ સુખ કહીયે છીયે.

સ.—કયુ સુખ વધારે ચહડતુ કહેવાય ?

જ.—પેલી દુનિયાનું.

સ.—કાંય વારૂ ?

જ.—કારણકે આ દુનિયાંનુ સુખ તો થોડા વખતનું છે, અને પેલી દુનિયાંનુ સુખ તો ઘણા લાંબા વખતનું અને વળી વધારે ખુશાલી આપનારૂ છે.

સ.—ઠીક કહ્યું; પણ વારૂ એ બે જાતનાં સુખ ઉપરાંત કોઇ ત્રીજુ સુખ છે કે ?

જ.—હા, તે અમર સુખ છે.

સ.—અમર સુખ તે શું ?

જ.—જ્યારે આપણે ખુદાઇ રાહ ઉપર ચાલીએ, અને સંપૂર્ણ અશો થઇ ખુદામાં મલી જઇએ, ત્યારે જે સુખ મળે છે તે. તેને આપણે અમર્ગી કહીયે છીયે.

સ.—તે મને સમજાવશો ?

જ.—તે અપેમ્ વોહુના કલામમાં ટુકમાં કહ્યું છે, આપણી હાલની હાલતમાં સમજી શકાય એવું નથી.

સ.—ત્યારે કેવી હાલતમાં સમજી શકાય ?

જ.—જ્યારે આપણે ઘણાજ દાનાવ અને અશો થઇયે ત્યારે સમજી શકીયે. અષો જીંદગી ગુજારવાનુ પરિણામજ અમર સુખ આવે.



પાઠ ૬ ઠો.

અમર્ગી.

સવાલ.—માણુસથી અમર થવાય કે?

જવાબ.—હા, નહીં કાં થવાય? માણુસ ચાહે તે કરી શકે. આપણા વડવાઓમાંનાં કેટલા બધા એ દરજજે પાંહોંચેલા હત્તા!

સ.—અંહઃ તમોને તેઓનાં કાંઇ નામો ખબર છે કે?

જ.—હાજી, આપણા પેગામ્બર જરથોસ્ત સાહેબ, વળી આપણા કેખુશરો પાદશાહ, હજરત આજર કેવાન, અને ઘણાબી અશો નરોના નામો આપણા અવસ્તામાં આવે છે.

સ.—ત્યારે આ સઘલા અમર સુખ ભોગવે છે તે શું ધર્મ પાલવાથી ?

જ.—ધર્મ પાલવાથી એટલુંજ નહીં, પણ ધર્મ ઉપર સરદારી ભોગવવાથી. તેઓ ચાહે તો આપણને ધર્મ આપી શકે.

સ.—ત્યારે એ ઉપરથી શો સાર કહાડીયે ?

જ.—સાર એ કે આપણી જીંદગીભર આપણાથી બની શકે તેટલું અષોઇના માર્ગ ઉપર ચાલવું; જ્ઞાન મેળવવું; દીનના કાયદાઓ મુજબ ચાલવું, અને બીજાંઓને તે જ્ઞાન આપી ને તે પ્રમાણે ચલાવવામાં મદદ કરવી.



પાઠ ૭ મો.

ખુદા.

સવાલ.—ધર્મની અંદરથી આપણને સર્વેથી પેહેલું શું જણાય?

જવાબ.—ખુદા.

સ.—ખુદા તે કોણ?

જ.—જેમાંથી તમામ હસ્તી પેદા થઇ તે. સર્વે હસ્તીનુ મૂળ. તે એકજ છે, પણ અનેક નામોથી ઓળખાયલા છે. તે એકજ છે, પણ અસંખ્ય રૂપે જાહેર થયલા છે. તેની હસ્તીનો કાંઇ છેડોજ નથી, તેના જ્ઞાનની હદ નથી, તેના ડહાપણનો કાંઇ પાર નથી, તેને માટે જે કાંઇ બોલીયે અથવા વિચારીયે તે તેને પોંહોચે નહીં એવા—તે નહીં વર્ણવી શકાય એવા છે.

સ.—ત્યારે આપણે બંદગી શાની કરીયે?

જ.—તેના જાહેર સ્વરૂપની.

સ.—તેના જાહેર સ્વરૂપની એટલે?

જ.—તેનાં જે સ્વરૂપને માણુસનુ રવાંન પોંહોચી શકે તેની.

સ.—બંદગી કરવાથી શો ફાયદો થાય?

જ.—આપણી ભલી મોરાદો બર આવે.

સ.—તે કેવી રીતે?

જ.—મજબુત ઇચ્છાથી અને એક ચિત્તથી બંદગી કીધી હોય તો, વારેવાર મનન કર્યાથી, તથા શબ્દોના ઉચ્ચારવાથી, ખુદાની મરજી મુજબ કામ કરનારા અમશાસ્પંદો, યઝદો અને ફરેસ્તાઓની મદદ મલ્યાથી, લાંબે વખતે તે બર આવે છે.



પાઠ ૮ મો.

અહુનવર—ખુદાની મરજી.

યથા અહૂ વઇરયો અથા રતુશ અષાત્ ચીત્ હચા
વંઘહેઉશ દજદા મનંઘહો શ્યઓથનનામ અંઘહેઉશ
મજદાઇ
ક્ષથ્રેમ્ચા અહુરાઇ આ યિમ દ્રેગુબ્યો દદત્ વાસ્તારેમ.

[અર્થ]

જેવી દાદાર હોરમજ્દની મરજી [શબ્દ] થાય તેવો અષોઇને લીધે રતુ [સરદાર] બહમનની મારફતે મજ્દની મરજી મુજબ જગત પ્રગટ કરે; ફરતાં મંડળો [આસ્માનો] ને જે ગતી આપે છે તે અહુરાની શક્તિ છે.

પાઠ ૯ મો.

અમશાસ્પંદો—યજ઼્દો—ફરેશતાઓ.

સવાલ.—અમશાસ્પંદો તે શું ?

જવાબ.—દાદાર અહુરમજ઼્દમાંથી બહાર પડેલાં ન
નુરો અથવા અક્કલો.

સ.—તેમની સંખ્યા કેટલી છે વારૂ ?

જ.—એક, સાત, તેત્રીસ.

સ.—એમ કેમ હોય—એક, સાત અને વળી ત
એટલે શું ?

જ.—અહુરમજ઼્દ **એક** છે, પણ સૃષ્ટિ રચતી જ્યારે તેઓ પોતે એકમાંથી અનેક થાય છે, ત્યારે, કાચના કટકાને સુરજના તડકાંમાં પકડવાથી તેનું સફેદ બદલાઇને તેમાંથી સાત રંગનાં કીરણો જુદાં દેખાય છે બીજા તબક્કા ઉપર તેઓ પોતે સાત થાય છે, અને ઉતરતા તબક્કા ઉપર તેજ સાત તેત્રીસ બને છે, જે આપણે યજ઼્દો કહીયે છીયે.

સ.—સાબાશ! ઠીક જવાબ દીધો. પણ ત્યારે કોઇ વાર તેત્રીસ અમશાસ્પંદો કહેવામાં આવે છે તેનું કારણ શું?

જ.—યજદોના તબક્કા ઉપર તેઓ તેત્રીસ તેથી.

સ.—અમશાસ્પંદો આ સૃષ્ટિમાં શું કામ બજાવે છે?

જ.—તેઓ અહુરમજ્દ સાથે વિચાર, વચન અને કામમાં "એકજ મરજીના" હોવાથી અહુરમજદની મરજી મુજબ પેદાયશને પેદા કરે છે, તેનું રક્ષણ કરે છે, અને તેનાં રૂપો ભાંજીને તે હસ્તીને ઊંચી હાલતમાં બદલવામાં મદદ કરે છે. તેઓ કોઇ વાર પેગામ્બર તરીકે પણ દેખાવ દે છે.

સ.—યજદો અથવા ફરેશ્તાઓનો અધિકાર શો છે?

જ.—તેઓ આસમાનોમાં અને જમીન ઉપર હસ્તીની વ્યવસ્થા કરે છે. પવનનું ફુકવું, પાણીનું વહેવું, વનસ્પતિનું ઉગવું તેઓથી છે. તેઓથી માણસ જાત અને પ્રાણી માત્રને પોષણ મળે છે. તેઓ રવાનોની પાસબાની કરે છે, વગેરે.

સ.—અમશાસ્પંદો વિષે તમો બીજું કાંઇ જાણો છો?

જ.—હા, તેઓ અમર વૃદ્ધિ કરનારા છે, એટલે કે જ્યાં સુધી સૃષ્ટિની હસ્તી છે ત્યાં સુધી તેઓ હૈયાત રહી સૃષ્ટિની વૃદ્ધિ કરવામાં મદદ કર્યા કરશે. વળી તેઓ માણસ જાતનાં મહાન શિક્ષાગુરૂઓ હોવાથી જેઓ લાયક હોય તેઓની મારફતે મીનોઇ જ્ઞાન આપે છે.

સ.—એ સિવાય એઓને વિષે તમો બીજુ કાંઈ વધારે જાણો છો ?

જ.—બીજુ તો આપણા ધર્મ પુસ્તકોમાં ઘણુંજ લખેલું છે, પણ હમણા તે વિષે મને કાંઇ વધારે ખબર નથી.

સ.—પણ વારૂ તેમના નામો તમોને ખબર છે ?

જ.—હા, તે તો હું જાણું છું. તેઓના નામ ઉપરથી આપણા રોજ તથા મહિનાનાં નામો પડેલાં છે તે કહો તો બોલી જાઉં.

[ઠીક, પણ આજે તો તમોએ બહુ કઠણ પાઠ કીધો છે, તેથી આવતી કાલે બોલજો.]



પાઠ ૧૦ મો.

ત્રીસ રોજો અને બાર મહિનાઓ.

સવાલ.—ચાલો, આજે તો તમે ત્રીસ રોજોના નામો બોલી જશો ?

જવાબ.—

૧ લો દાદાર અહુરમજ઼્દ.

૨ જો બહમન અમશાસ્પંદ.

૩ જો અર્દીબેહેશ્ત અમશાસ્પંદ.

૪ થો શેહરેવર અમશાસ્પંદ.

૫ મો અસ્પંદારમદ અમશાસ્પદ.

૬ ઠો ખોરદાદ અમશાસ્પંદ.

૭ મો અમરદાદ અમશાસ્પંદ.

૮ મો દેપાદર દાદાર.

૯ મો આદર યજ઼દ.

૧૦ મો આવાં અરદ્વીસુર બાનુ.

૧૧ મો ખોરશેદ યઝદ.
૧૨ મો મોહોર યઝદ.
૧૩ મો તેશ્તર તીર યઝદ.
૧૪ મો ગોશ યઝદ.
૧૫ મો દેપ મેહેર દાદાર.
૧૬ મો મેહેર યઝદ.
૧૭ મો સરોષ યઝદ.
૧૮ મો રશને રાસ્ત યઝદ.
૧૯ મો ફરોખ ફરવર્દીન.
૨૦ મો બેહરામ યઝદ.
૨૧ મો મીનો રામ.
૨૨ મો ગોવાદ યઝદ.
૨૩ મો દેપદીન દાદાર.
૨૪ મો દીન યઝદ.
૨૫ મો મીનો અશીશવંઘ.
૨૬ મો આસ્તાદ યઝદ.
૨૭ મો મીનો આસ્માંન.
૨૮ મો જમ્યાદ યઝદ.
૨૯ મો મીનો મારેસ્પંદ.
૩૦ મો મીનો અનેરાંન.

સ.—એ તો ત્રીસ થયા, પણ હવે તેત્રીસ યજદો પુરા કરવાને બીજા ત્રણ યજદો રહ્યા તે કયા ?

જ.—બીજા ત્રણ તે હોમ, દહમ અને બેરેજદ અથવા અપામ-નપાત.

સ.—હવે બાર મહીનાના નામો બોલી જાઓ ?

જ.—

1. લો ફરોખ ફ્રવર્દીન.
2. જો અર્દીબેહુસ્ત અમશાસ્પંદ.
3. જો ખોરદાદ અમશાસ્પંદ.
4. થો તેશ્તર તીર યજદ.
5. મો અમરદાદ અમશાસ્પંદ.
6. ઠો શેહરેવર અમશાસ્પંદ.
7. મો મેહેર યજદ.
8. મો આવાં અરદ્વીસુર બાનુ.
9. મો આદર યજદ.
10. મો દેએ દાદાર.
11. મો બહમન અમશાસ્પંદ.
12. મો અસ્પંદારમદ અમશાસ્પંદ.

સ.—વારૂ, એ અમશાસ્પંદો તથા યજદો વચ્ચે કેવો સંબંધ છે તે તમો જાણો છો ?

૪.—હાજી, જુઓની—

અહુરમજદ સાથે દેપાદર, દેપ મેહેર, દેપદીન ;
બહમન ,, મોહોર, ગોશ, રામ ;
અર્દીબેહેસ્ત ,, આદર, સરોષ, બેહેરામ ;
શાહરેવર ,, ખુરશેદ, મેહેર, આસ્માન, અનેરાંન ;
સ્પંદારમદ ,, આવાં, દીન, અશીંશવંઘ, મારેસ્પંદ ;
ખુરદાદ ,, તીર, અર્દાફ્રવષ, ગુવાદ ;
અમરદાદ ,, રશ્નુ, આસ્તાદ, જમ્યાદ

હમકાર સાથ છે, એટલે સાથે મલીને કામ કરનારાઓ છે.



પાઠ ૧૧ મો.

મને કોણ બચાવશે?

સવાલ.—હવે તમારી નવજોત થયા પછી તમો કોણ કહેવાશો?

જવાબ.—જરથોશ્તી.

સ.—ત્યારે તેની આગમચ તમો કોણ હતાં?

જ.—જોખમદારી વગરના બાળક.

સ.—જોખમદારી વગરનાં કાંય?

જ.—કારણ કે તે વેળા સમજ નહીં હતી તેથી માબાપ અથવા વાલી જોખમદાર હતાં; હવે સમજ આવવા લાગી, તેથી આપણે દીનના કાયદાઓથી વાકેફગાર થવું જોઇયે અને તે પ્રમાણે ચાલવું જોઇયે. જો તેથી ઉલટાં ચાલીયે તો આપણે દુઃખ પામીયે.

સ.—ત્યારે દીનમાં દાખલ થતાં તમારી જવાબદારી શી છે?

જ.—દુનિયાંમાં જે કાંઇ બુરાઇ દેખાય તે ઓછી કરવામાં અને જે કાંઇ ભલાઇ દેખાય તેની વૃદ્ધિ અથવા તરક્કી કરવામાં આપણી ગુંજાસ મુજબ સામેલ થવું.

સ.—પણ દુનિયાંમાં બુરાઇ તો ઘણી છે, તેની સામે તમો કેમ લડી શકશો? જ્યારે આપણે દીનમાં દાખલ થઇયે—એટલે ખુદાઇ રાહમાં દાખલ થઇયે—ત્યારે દુનિયાંની શીહા શક્તિઓ આપણને પાછાં હઠાવવાને કોશેશ કરે છે તે વેળા આપણે કમીના માણસ કેમ બચાવ કરીયે?

જ.—હા, આપણે નાતવાંન તો છીયે, પણ આપણો બચાવ કરનાર ખુદા છે કે ની?

સ.—તે ખુદા કેવી રીતે બચાવે?

જ.—આપણુ 'ભલુ મન' અને 'આતશ,' જે ખુદાનુ નુર છે, તેનો પ્રકાશ જે આપણામાં છે, જે આપણી **દાનાઇ** છે, યા બુદ્ધિ છે, તેની મારફતે આપણે આપણો બચાવ કરી શકીયે.

સ.—જરા બરોબર સમજાવો?

જ.—જુઓનીજી, આપણામાં અક્કલ છે તે ખુદાનુ નુર છે, તેથી આપણે અષો થઇયે છીયે, અને તેથી અષો માણસ ઉપર બુરાઇ ફાવતી નથી.

સ.—વારૂ બીજી કઇ રીતે આપણો બચાવ થાય ?

જ.—માંથ્ર અથવા અવસ્તાનાં કલામ ભણવાનો મહાવરો રાખ્યાથી.

સ.—માંથ્ર ભણવાથી તે વળી બુરાઇ કેમ દૂર થતી હશે ?

જ.—તેથી આપણુ ખોરેહ અથવા ગેબી તેજ વધારે પ્રકાશીત થાય, તેથી તેમાં બુરાઇ દાખલ થઇ શકે નહીં.

સ.—વાહ રે વાહ ! તમો એટલું બધુ જાણો છો ? વારૂ બીજુ કોઇ સાધન છે કે જેથી આપણુ રક્ષણ થાય ?

જ.—હાજી, આપણા મહાન પેગામ્બર અશો જરથોસ્ત સાહેબને આપણા ગુરૂ અથવા રાહબર તરીકે સ્વીકારી તેમની ઉપર જાનફેશાની કરવાથી—તેમને હરદમ ચાહવાથી—તેઓ ગેબી રીતે આપણો બચાવ કરે છે.





પાઠ ૧૨ મો.

—

કેમ્ ના મઝ્દા—કયો નરં, ઓ મઝ્દા!

કેમ્ ના મજદા મવઇતે પાયૂમ દદાત્ હ્યત્ મા દ્રેગ્-વાઓ દીદરેષતા અએનંઘહે.

અન્યેમ્ થ્વહ્માત્ આથ્રસ્ચા મનંઘહસ્ચા, યયાઓ શ્યઓથનાઇશ અષેમ થ્રઓશ્તા, અહુરા, તાંમ મોઇ દાંસ્ત્વાંમ દએનયાઇ ફ્રાવઓચા.

કે વેરેથ્રેમ-જા થ્વા પોઇ સેંગ્હા યોઇ હેન્તી.

ચિથ્રા મોઇ દામ્ અહૂ બિશ રતૂમ્ ચીઝ્દી.

અત્ હોઇ વોહૂ સેરઓષો જન્તૂ મનંઘહા, મજદા અહ્માઇ યહ્માઇ વષી કહ્માઇચીત્.

[સાર]

ઓ મજ્દા! જ્યારે દરવંદ મારી ઉપર કીનો લેવાને હિમ્મત કરે [ત્યારે] મને તથા મારા સાથીઓને કીયો નર પાસબાની આપશે?

આતશ [ખુદાનુ નુર=બુદ્ધિ] તથા મનને લગતુ જ્ઞાન, [આત્મજ્ઞાન] જેથી દીનને માટે અશોઇ વધે છે, તે, ઓ અહુરા! તારા સિવાય મારામાં બીજુ કોણ ફેલાવે?

તારા કલામ જે પાસબાની કરનારા છે તેની બરક્કતથી કોણ દુશમનને મારનાર છે?

બેઉ જીંદગી [સંસારી અને મીનોઇ] માટે મને જાહેર રીતે એક ડાહ્યા ગુરૂ દેખાડ.

જે કોઇને તું ચાહે છે તેને માટે, ઓ મજ્દા! ભલાં મન સાથે સરોષ યજ્દ જાય!

પાઠ ૧૩ મો.

બુરાઇથી અમને બચાવો.

પાત-નો ત્રિઅષ્યન્તત્ પઇરિ, મજદ્દાઓસ્ચ આર્મઇતિશચ સ્પેન્તસ્ય, નસે દએવી દ્રુક્ષ્, નસે દએવો-ચિથ્રે, નસે દએવો-ફ્રકર્શ્તે, નસે દએવો-ફ્રદાઇતે, અપ દ્રુક્ષ્ નસે, અપ દ્રુક્ષ્ દ્વાર, અપ દ્રુક્ષ્ વીનસે, અપાખેધ્રે અપ-નસ્યેહે, મા મેરેન્ચઇનીશ ગએથાઓ અસ્તવઇતીશ અષહે. નેમસ્ચા યા આર્મઇતિશ ઇજાચા. અષેમ વોહૂ ૧.

બુરાઇથી અમને બચાવો.

[સાર]

અએ હોરમજદ તથા સપંદારમદ! અદેખાથી હમુને તમો બંચાવો. અએ દેવી દરૂજ, તું દફે થા; અએ દેવની તોખમના, તું દફે થા; અએ દેવની વાવેલી (ખરાબી) તું દફે થા; અએ દેવની રસમ ઉપર ચાલનારી, તું દફે થા; અએ દરૂજ, દૂર દફે થા; અએ દરૂજ, દૂર દોડી જા; અએ દરૂજ, દૂર નાસ પામેલો થા (તથા) ઉત્તર તરફ તું દફે થઇ જા; (કે તેથી કરીને) અશોઇના હાડમંદ મુલકો માર ખાવાને લાયક નક્કી (થાય). ભલા વિચાર તથા આબાદીને નમાજ (હોજો)!





પાઠ ૧૪ મો.

બુરાઇ શું છે?

સ.—વારૂ આપણે બુરાઇ શાને કહેવી?

જ.—બુરાઇ તો ઘણીબી જાતની હોય.

સ.—તે કઇ વારૂ?

જ.—કેટલીક દેખઇતી અને કેટલીક અણદીઠ.

સ.—દેખઇતી કઇ?

જ.—દેખઇતી તે અપવિત્ર રહેવું, ઘુસો કરવો, બરીચેલ રહેવું, જુઠુ બોલવું, જુલમ ગુજારવો, કોઇને દુઃખ દેવું, જાદુઇમાં સામેલ થવું, વગેરે.

સ.—ત્યારે અનદીઠ કહી?

જ.—મનમાં ખરાબ વિચારો, અદેખાઇ, કીનો, કપટ, લોભ, લાલચ, ઇત્યાદી કરવાં તે.

સ.—એ સિવાય બીજી કાંઇ ?

જ.—બીજી તો મીનોઇ હસ્તીમાંથી જે આપણી ઉપર આપણા ખરાબ વિચારોને લીધે ગલબો કરે છે તે.

સ.—તમો એટલું બધું જાણો છો? વાહ! તે શા નામે ઓળખાય છે, વારૂ?

જ.—તેને આપણા ધર્મ પુસ્તકોમાં 'દરૂજી' હસ્તી કહી છે.

સ.—ઠીક; તે શામાં જણાવી છે?

જ.—આપણે કુશ્તી કરીયે ત્યારે જે નીરંગ ભણીયે છિયે તેમાં તેના થોડાં નામો છે.

સ.—બીજાં કાંઇ નામો તમો જાણો છો?

જ.—નહીંજી, બીજાં નામો આપણી પાક કેતાબોમાં હશે, પણ હું તે જાણુ નહીં તેથી દલગીર છુંજી. તોપણ આપણા પવિત્ર ગાથાના ૩૨ મા હામાં કેટલીક બુરાઇ વિષે સમજાવવામાં આવ્યું છે, એમ મને યાદ છે.

પાઠ ૧૫ મો.

નીરંગે કુશ્તી.

અહુરમજ્દ ખોદાએ, અહેરેમન્ અવાદશાંન્ દૂર્ અવાજ દાશતાર્ જદ્ શેકસ્તેહ બાદ્; અહેરેમન્, દેવાંન્, દરૂજાંન્, જાદૂઆન્, દરવંદાંન્, કાકાંન્, કરફાંન, સાસ્તારાંન, ગુનેહગારાંન, આશમોગાંન, દરવંદાંન, દુશમનાં, ફ્રીઆંન. જદ્ શેકસ્તેહ બાદ્. દુશ પાદશાહાન્ અવાંદશાંન બાદ્; દુશમનાં સતોહ બાદ્; દુશમનાં અવાદશાંન બાદ્.

અહુરમજ્દ ખોદાએ, અજ હમા ગુનાહ પતેત પશેમાનુમ્ અજ હર્વસ્તીન્ દુશમત દુજ્‌ઝૂખ્ત દુજ્વર્શ્ત, મેમ્ પ ગેતી મનીદ્, ઉઇમ્ ગોફ્ત, ઉઇમ્ કર્દ્, ઉઇમ્ જસ્ત્, ઉઇમ્ બૂન્ બુદ્ એસ્તેદ્, અજ આંન્ ગુનાહ મનશ્ની ગવશ્ની કુનશ્ની, તની રવાંની ગેતી મીનોઆંની, ઓખે અવાખ્શ પશેમાન્, પ સે ગવશ્ની પ પતેત્ હોમ.

ક્ષ્નઓથ્ર અહુરહે મજદાઓ, તરેઇદીતે અંઘરહે મઇન્યેઉશ. હઇથ્યાવરશ્તાંમ ઘિત્ વસ્ના ફ્રષોતેમેમ. અષેમ વોહૂ ૧, યથા અહૂ વઇરયો ૨, અષેમ વોહૂ ૧.

[સાર]

દાદાર હોરમજ્દ (તમામ ખલકતના) સાહેબ (છે), (તથા) બદ અને નાપેકાર હારેમનને દૂર અને પાછો હઠાવનાર (છે). તે (હારેમન) મારેલો (અને) તુટેલો હોજો. હારેમન, દેવો, દરૂજો, જાદુગરો, દરવંદો, કીકો, કરપો, જુલમગારો, ગુનેહગારો, આશમોગો, દરવંદો, દુશ્મનો, પરીઓ,—(એ સર્વે) મારેલા (અને) તુટેલા હોજો. ખરાબ પાદશાહો દૂર તથા નાબુદ હોજો. દુશ્મનો આજેજ થયલા હોજો. દુશ્મનો દૂર અને નાબુદ હોજો.

ઓ દાદાર હોરમજ્દ સાહેબ! તમામ ગુનાહોથી પતેત કરીને હું પશેમાન થાઉં છું. તમામ ખરાબ વિચારો જે (આએ) દુનિયાંમાં હું મારા મનમાં લાવ્યો હોઉં, ખરાબ સખુનો જે હું બોલ્યો હોઉં. ખરાબ કામો જે મેં કીધાં હોય, (તથા) જે મારાથી ઉત્પન્ન થયાં હોય, (તથા) જેની શરૂઆત મારીથી થઇ હોય, તે વિચારને લગતા, સખુનને લગતા, કામને લગતા, તનને લગતા, રવાનને લગતાં, આએ દુનિયાંને લગતા, પેલી દુનિયાંને લગતા—એ બધી જાતના

ગુનાહોથી, ઓ હોરમજ્દ! હું પશેમાન થઇને દૂર રહું છું, (અને) ત્રણ સખુનોથી (યાને મનશ્ની, ગવશ્ની તથા કુનશ્નીથી) પતેત કરીને હું પશેમાન થાઉં છું.

દાદાર હોરમઝ્દની ખુશ્નુદી (થાઓ)! હારેમનનો પરાજય (થાઓ)! રાસ્તીના કામ કરનારાઓની જે ખાહેશ (છે તે) ઘણીજ ચઢતી (છે).

પાઠ ૧૬ મો.

દીનની કબુલાત.

સવાલ—જ્યારે તમો દીનમાં દાખલ થાઓ ત્યારે જે વચન આપશો તે પાલશો કે ?

જવાબ—અલબત, ખુદાનો શબ્દ જેટલો પવિત્ર છે તેટલોજ પવિત્ર આપણો વચન છે. તે નહિં પાલીયે તો ખુદાનો કાયદો તોડીયે.

સ.—પણ તમો જે કાનુનો માટે વચન આપશો તે કાનુનો સખ્ત હોય તો ?

જ.—ગમે તેવા સખ્ત હોય તોપણ આપણામાં જેટલી તાકાત હોય તેટલી તાકાત તો તે પાલવા માટે વાપરવી જોઈયે.

સ.—ખચિત, ખુદા પણ તમારી પાસ એથી વધારે કાંઈ માગતા નથી. પણ વારૂં કહોની કે દીનમાં દાખલ થતી વેળા તમો શું કબુલાત આપશો ?

જ.—હુ મજ્દયસ્ની છું, એટલે મઝ્દ ઉપર જાન ફીદા કરનાર છું. હું તેની દીન, જે જરથોશ્ત સાહેબે શિખવી, તે ઉપર વિશ્વાસ રાખનાર છું. તે દીનના કાયદાઓ પ્રમાણે ચાલવાની કોશેશ કરનાર છું. હું નેક વિચારનાર છું, નેક સખુનો બોલનાર છું, નેક કામો કરનાર છું. જે કાંઇ તમામ ભલુ છે તે અહુરમજ્દ તરફનું છે, જે કાંઇ બુરૂ છે તે અહેરેમન તરફનું છે. એકદીલી અહુરમજ્દ તરફની છે, જુદાઇ અહેરેમન તરફની છે. હું જુદાઇ તોડનાર છું, ધિઃકાર દફે કરનાર છું, એકદીલી વધારનાર છું, સુલેહ પાંથરનાર છું, મોહોબત વધારનાર છું. હું દુનિયાંમાં અષોઇ, જે જરથોશ્તી દીન છે, તે પાંથરીશ; હું દુનિયાંમાં દીનનુ જ્ઞાન મેળવોશ અને ફેલાવીશ; હું દુનિયાંને આગાહ કરવાને કોશેશ કરીશ. હું દુનિયાંનાં સુખમાં મારૂ સુખ સમજીશ; હું દુનિયાંનાં દુઃખમાં મારૂ દુઃખ સમજીશ.




પાઠ ૧૭ મો.

હું મજદયસ્નાન છું.

જસ મે અવંઘહે મજદ. મજદયસ્નો અહ્મી, મજદયસ્નો જરથુશ્ત્રિશ ફ્રવરાને આસ્તુતસ્ચા ફ્રવરેતસ્ચા. આસ્તુયે હુમતેમ મનો, આસ્તુયે હુખ્તેમ વચો, આસ્તુયે હ્વર્શ્તેમ શ્યઓથનેમ, આસ્તુયે દએનાંમ વંઘુહીમ માજદયસ્નીમ, ફ્રસ્પાયઓખેધ્રાંમ, નિધા-સ્નઇથિષેમ, ખએત્વદથાંમ, અષઓનીમ. યા હાઇતિનાંમચા બૂશ્યેઇન્તિનાંમચા મજિશ્તાચા, વહિશ્તાચા, સ્રએશ્તાચા, યા આહૂઇરિશ જરથુશ્ત્રિશ. અહુરાઇ મજદાઇ વીસ્પા વોહુ ચિનહ્મી. અએષા અસ્તી દએનયાઓ માજદયસ્નોઇશ આસ્તુઇતિશ. અષેમ વોહૂ ૧.

[સાર]

ઓ દાદાર હોરમજ્દ! (તું) મારી મદદને માટે પોંહોંચ. (હું) માજ્દયસ્ની છેઉં; માજ્દયસ્ની જરથોશ્તી તરીકે (માજ્દયસ્ની દીનની) વખાણ કરનારો તથા (તેની ઉપર) એકીન લાવનાર તરીકે (થવાને) હું પસંદ કરૂં છું. નેક વિચારેલા વિચારને હું વખાણું છું, નેક બોલેલા સખુનને હું વખાણું છું (તથા) નેક કીધેલાં કામને હું વખાણું છું. ભલી માજ્દયસ્ની દીન જે જઘડો મટાડનારી, હથિયાર છોડવનારી, ખુદા સાથ મેલાપ કરાવનારી, અશો (તેને) હું વખાણું છું. હાલમાં મોજુદ તથા હવે પછી સઉથી મોટી. સઉથી સરસ તથા સઉથી શ્રેષ્ઠ જે (દીન) તે હોરમજ્દી જરથોશ્તી છે. તમામ નેઆમત હોરમજ્દની તરફથી (છે એમ) હું કબૂલ કરૂંછું. આએ માજ્દયસ્ની દીનની વખાણ છે.



પાઠ ૧૮ મો.

જીંદગીની નેમ.

સવાલ—આપણી જીંદગીની નેમ શી છે?

જવાબ—આપણા પેદા કરનારને પીછાનવાની અને જાણવાની.

સ.—તેને કેમ જાણી શકાય?

જ.—ધર્મમાં ફરમાવેલા રાહ પ્રમાણે ચાલવાથી.

સ.—જરથોશ્તી ધર્મ શો રાહ બતાવે છે?

જ.—માણસના રવાનને સંપૂર્ણ રીતે પવિત્ર બનાવીને અને કમાલીયત મેલવીને અહુરમજ્દ સાથ એક કરવું.

સ.—રવાનને પવિત્ર કેમ બનાવવું?

જ.—માંથ્ર ભણીને, વિચારોને પવિત્ર કરીને, અને ઉંચી નીતિએ ચાલીને.

સ.—કયા માંથ્ર ?

જ.—દરેક જરથોશ્તી દરરોજ સરોષ બાજ, ગેહ, ખોર-શેદ તથા મેહેરની નીઆએશો, વગેરે ભણે છે; તેમજ ચોકસ દીવસો ઉપર આતશ, આવાં અને માહ બોખતાર નીઆ-એશો ભણે છે. એ ઉપરાંત "ખોરદેહ અવસ્તા," "યશ્તો," "યઝશ્ને," "વંદીદાદ," "વીસપરદ," વગેરે બીજાં કેટલાંક ક્રિયા અને માંથ્રને લગતાં પુસ્તકો છે. એમાંથી દરરોજ કાંઇપણ ભણવાની આપણી ફરજ છે.

સ.—એ ઉપરાંત બીજા કાંઇ છે ?

જ.—બાતેન તરીકાવાળાઓ "ગાથા" અને "સેતા-એશનામું" ભણે છે, જે "સેતાએસ નામુ" "દસાતીર" માંથી ચુંટી કહાડેલી બંદગીઓ છે.

સ.—પણ આપણને ઉપલા માંથ્ર ભણવાથી કોઇ "સુર્ય પરસ્ત" કે "આતશપરસ્ત" કહે તો ?

જ.—તે તેઓના અજ્ઞાનપણાને લીધે; કેમકે ખુદાને પીછાનવાને સૂર્ય અને આતશથી વધારે ઉત્તમ ચિન્હ કોઇ-પણ પેગામ્બરે આપ્યું નથી; તોપણ બારીકીથી અભ્યાસ કરતાં સર્વે મોટાં ધર્મોમાંથી એને મળતો ખેયાલ મળી આવે છે.

સ.—એ સઘલું ભણવાથી શું થાય ?

જ.—રવાનનો ઝળકાટ વધે, ખુરેહ તેજસ્વી થાય, વગેરે એના ઘણાક ફાયદાઓ "જરથોશ્તી રાહબર" નામનાં પુસ્તકમાં સમજાવ્યા છે.

સ.—એથી જીંદગીની નેમ શી જળવાઇ ?

જ.—એમ દરરોજ ચાલુ રાખ્યાથી ધીમે ધીમે આપણું દીલ સાફ થાય છે; તેથી ખુદા તરફ મોહબત અને જાન ફેશાની વધે છે; તેથી નેકીનાં કામ કરવાની ઉલટ આવે છે: વળી ખુદા વિષે કાંઇ જાણવાનુ મન થાય છે; તેથી મીનોઇ યા ખુદાઇ જ્ઞાન મેળવવાની હોંશ થાય છે; અને એ રીતે ધીમે ધીમે ખુદાની વધારે અને વધારે નજદીક પોંહોંચી શકાય છે.



પાઠ ૧૯ મો.

દીન ઉપર એતેકાદ.

સવાલ—વારૂ જરથોશ્તી દીન સિવાય બીજા કોઇ ધર્મો દુનિયાંમાં છે કે?

જવાબ—હાજી, મેં તેઓનાં નામ શાંભર્યાં છે.

સ.—તે કયા કયા છે વારૂ?

જ.—હિન્દુ, બુદ્ધ, ક્રીસ્ચીયન અથવા ખ્રીસ્ટી, ઇસલામ અથવા મુસલમાન, ચીના લોકોના કનફુશીઅસ અને લાઓઝે, અને જૈન, વગેરે.

સ.—તેઓ તરફ આપણી ફરજ શી છે?

જ.—તેઓ પણ મૂળમાં આપણા જેવા ધર્મો હોવાથી તેમની તરફ માનની નજરથી જોવું.

સ.—તે ધર્મો તરફ માનની નજરથી જોવું એટલે શું?

જ.—તે ધર્મ માનનારાંઓને ચાહવાં, તેમના પેગામ્બરોને માન આપવું, વગેરે.

સ.—તમોને કોઇ તે ધર્મોમાંનાં કોઇકમાં દાખલ થવા લલચાવે તો તમો શું કરશો?

જ.—મરી જઇએ તો કદી એમ દાખલ થઇયે નહીં.

સ.—કારણ શું?

જ.—તે લલચાવનાર, તેમજ પોતાનો ધર્મ તજી બીજા ધર્મમાં દાખલ થનાર, ખુદાનો કાયદો તોડનાર ગુનેહગાર ગણાય.

સ.—કાંય વારૂ?

જ.—દરેક માણુસને પોતાનાં કુટુંબ તરફ, પોતાની કોમ તરફ, પોતાના દેશ તરફ અને પોતાના ધર્મ તરફ ચોકસ ફરજો અદા કરવાની હોય છે, તે ધર્મ બદલવાથી જેવી જોઇએ તેવી રીતે અદા કરી શકાતી નથી.

સ.—બીજું કાંઇ કારણ હશેની?

જ.—હાજી, ઉપલા સબબોને લીધે જે ફરેસ્તાઓ દાદાર હોરમજ્દની મરજી મુજબ કામ કરનારા છે, અને જેઓ માણુસને તેની ઉપલી ફરજો અદા કરવા અમુક કુટુંબમાં

જન્મ આપે છે, તેમની નેમ ઉંધી વળવાથી, તે માણુસ દાદાર હોરમજ્દનો પવિત્ર કાયદો તોડે છે, અને અજીમ ગુનાહ કરે છે. જેણે જરથોસ્તી કુટુંબમાં જન્મ લીધો હોય તેને માટે તો જરથોસ્તી ધર્મથી બીજો કોઇ પણ ધર્મ ઉંચો ગણાય નહીં.





પાઠ ૨૦ મો.

ધર્મ તરફ જાંનફેશાની.

આપણા રાહબર ગુરૂ અશો જરથોશત સાહેબ કહે છે:—

નોઇત્ હે અપ-સ્તવાને વંઘુહીમ્ દએનાંમ્ માઝ્દ-યસ્નીમ્, નોઇત્ અસ્તસ્ચ નોઇત્ ઉશતાનેમ્ચ, નોઇત્ બઓધસ્ચ વી ઉર્વીસ્યાત્.

[સાર]

“અગર મારાં હાડકાં છુટાં પડે, મારી બુદ્ધિનો નાશ થાય અને મારો પ્યારો જાન જાય, તોપણ ભલી માઝ્દયસ્ની દીનને હું કદીબી ધિઃકારૂં નહીં, કે કદીબી તજું નહીં.”

[વંદીદાદ, ફ. ૧૯. ક. ૭.

પાઠ ૨૧ મો.

ખુદાના ખાસ પસંદ કીધેલા પેગામ્બર.

નોઇત્ અએવા અહુ વિસ્તો
નઐદ્હા રતુશ અષાત્ ચિત્ હચા.

[સાર]

" અએ જરથોસ્ત ! સંપુર્ણ અશોઇ ધરાવ્યાને લીધે દુનિયાંનો કારોબાર ચલાવનાર અહુ તરીકે અને દીનનો કારોબાર ચલાવનાર પેગામ્બર રતુ તરીકે એકલા તું સિવાય બીજા કોઇને હું પીછાણુતો નથી."

અહુનવદ ગાથા, હા ૨૯, ફ. ૬–૮

અએમ્ મોઇ ઇદ્હા વિસ્તો યે ને અએવો સાસ્નાઓ ગૂષતા જરથુશ્ત્રો સ્પિતામો.

[સાર]

[અહુરમજ્દ કહે છે] " મારાથી પવિત્ર શિક્ષણ મેળવવા માટે જે માણસ હમણા મને સર્વથી લાયક જણાયો છે તે એકલો સ્પિતમાન જરથોસ્ત છે."

અહુનવદ ગાથા, હા ૨૯, ફ. ૬–૮



પાઠ ૨૨ મો.

નીતિ વચન.

સવાલ.—વારૂ જરથોશ્તી ધર્મનો નીતિવચન શો છે?

જવાબ.—એ ધર્મની નીતિનો પાયો એક ત્રેવડા લોગત ઉપર રચાયલો છે, અને તેનુ નામ—"હુમત-હુખ્ત હ્વર્શત" છે.

સ.—તે મને સમજાવશો ?

જ.—હાજી; "હુમત" એટલે એવો વિચાર કે જેનાથી કોઇ દુઃખ પામે નહીં; "હુખ્ત" એટલે એવો વચન કે જેથી કોઇને ઇજા થાય નહીં; અને "હ્વર્શત" એટલે એવું કામ કે જે કામથી કોઇ આજુરદે થાય નહીં.

સ.—એ સિવાય બીજાં કાંઇ નીતિ વચનો છે?

જ.—હાજી; જો કે માણસ ઉપલાં વચનો સમજે તો બીજાં સઘલાં સુવચનો તેમાં સમાઇ જાય છે, તોપણ તેને વધારે વિસ્તારીને સમજવા બીજાં પણ વચનો અહીં તહીં દર્શાવ્યાં છે.

સ.—તમોને કાંઇ યાદ હોય તે કહેશો?

જ.—અષોઇ પ્રાપ્ત કરવી; જુદાઇ તોડીને સલાહ-સંપજ અને ભાઇબંધી વધારવી; સખાવત કરવી; બીજાના સુખ માટે ઉદ્યોગ કરવો; સંતોષ રાખવો; સર્વે પ્રાણીઓ ઉપર દયા વધારવી; વિવેક અથવા ખરૂ ખોટુ પારખવાની શક્તિ ખીલવવી; જાનફેશાની કરવી; માબાપ તથા વડીલોને માન આપવું; વગેરે. એ સઘલાં "અવસ્તાનાં ગોહરો" છે, અને માણસે તે ઉપર પોતાની જીંદગીમાં અમલ કરવો જરૂરનો છે.

સ.—તેથી શું થાય?

જ.—આપણુ અમર્ગી તરફ યા દાદાર અહુરમજ્દ તરફ આગલ વધવું થાય.

પાઠ ૨૩ મો.

જ઼રથોશ્તી તરીકાઓ.

સવાલ—જ઼રથોશ્તી તરીકા કેટલા છે?

જવાબ—મુખ્ય તરીકા બે છે.

સ.—કીયા કીયા?

જ.—એક જાહેર અને બીજો બાતેન.

સ.—જાહેર તરીકો તે કેવો?

જ.—જાહેર તરીકામાં સાધારણ લોકોથી પલાય એવા થોડા ઘણા નીતિના કાનુનો હોય છે, અને તે સાધારણ લોકો પાલે છે.

સ.—બાતેન તરીકો એટલે શું?

જ.—બાતેન તરીકામાં નીતિના વધારે સખ્ત કાનુનો હોય છે, અને વધારે પવિત્રાઇથી જીંદગી ગુજારવાની હોય છે, જે થોડાં ઉંચી મનશક્તિનાં અને ડાહાપણવાળાં લોકો પાલે છે.

સ.—એ તફાવત કાંય ?

જ.—કેમકે સઘલાં માણસો એકસરખી મનશક્તિનાં અને ડાહાપણવાળાં હોતાં નથી.

સ.—ત્યારે એક તરીકાવાળાને ઓછી મેહેનત અને બીજાને તો વધારે મેહેનત કરવી પડે એમ ગણાય—તેનો ખુલાસો શું ?

જ.—જેમ ઓછી મેહેનત કરે તેની ઓછી જવાબદારી ને હલકું ફળ; અને જેમ વધારે મેહનત કરે તેની ભારી જવાબદારી ને ઉંચુ ફળ.

સ.—સાબાશ; પણ વળી હલકુ ફળ તે શું ને વળી ઉંચુ ફળ તે શું ?

જ.—હલકુ ફળ તે જાને બેહેસ્ત-દોજખ, અને ઉંચુ ફળ તે જાને અમર્ગી.

સ.—ઠીક; ત્યારે એમ ઠર્યું કે જાહેર તરીકાવાળા બેહેસ્ત-દોજખ માટે મેહેનત કરે અને બાતેન તરીકાવાળાઓ અમર્ગીને માટે મેહેનત કરે. વારૂં ત્યારે બેહેસ્ત એટલે શુ ?

જ.—આ જીંદગીમાં આપણે જે કાંઇ નેક વિચારો કીધા હોય, નેક વાણી બોલ્યાં હોઇયે અને નેક કરણી કીધી હોય તેના ફળ તરીકે ગુજરી જવા પછી આપણુ રવાન જે ખુશનુંમાં ઓવાબમાં આસાએસ લે છે તે હાલત તે બેહેસ્ત કહેવાય.

સ.—વાહ રે વાહ; એ તમો સઘલુ કયાં શીખ્યાં? પણ ત્યારે દોજખ એટલે શું?

જ.—આપણે આ દુનિયાંમાં જે બુરા વિચાર કીધા હોય, બુરૂ બોલ્યાં હોઇયે, અને બુરાં કામો કીધાં હોય, તેના ફળ તરીકે ગુજરવા પછી આપણાં રવાનને બહુ દુઃખની લાગણી થાય છે, તે હાલતને દોજખ કહે છે.

સ.—બહુ સારૂ; વારૂ ત્યારે હવે મને અમર્ગીનો અર્થ સમજાવો.

જ.—અમર્ગીમાં માણસ ઉંચી નીતિના કાયદાઓ પાલી, અશો જીંદગી ગુજારી, હરદમ દાદાર હોરમજ્દની યાદમાં મશગુલ રહી, મીનોઇ અને બાતેનનું જ્ઞાન મેલવી, અને મનને ચોકસ તાલીમ આપીને દાદાર હોરમજ્દમાં ગરક થાંય છે. એ હાલતને અમર્ગી કહે છે.

સ.—એમાં સાધારણ આદમીઓ કરતાં વધારે ફાયદો શું?


જ.—સાધારણ આદમી ફાની સુખ અને દુઃખના કાયદાનાં બંધનમાં રહે છે; પણ બાતેન તરીકાનાં કાનુનો પાલવાથી છેવટે એ કાયદો તેઓ ઉપર લાગુ પડતો નથી.

સ.—ત્યારે જાહેર તરીકા અને બાતેન તરીકા વચ્ચે તફાવત શો?

જ.—જાહેર તરીકામાં સંપૂર્ણના અથવા અમર્ગી પામીયે નહીં ત્યાં લગી ફાની સુખ અને દુઃખ ચાલ્યા કરે છે; બાતેન તરીકામાં ફાની સુખ અને દુઃખનો અંત આવી, અમર સુખ હાંસલ થાય છે, જે સુખમાં ફરીથી દુઃખ જેવું કાંઇ હોતુજ નથી.

સ —અમર્ગી મેળવ્યા પછી કાંઇ છે કે?

જ.—અમર્ગીમાં માણુસની જીંદગીની નેમનો છેડો આવે છે, અને પછી કાંઇ કરવાનુ બાકી રહેતું નથી; પણ એવો અશો નર ચાહે તો સોસ્યંત થઇ, મીનોઇ દુનિયાંમાં રહી, ગમે તો આદમજાતને મદદ કરે, અને ગમે તો દુનિયાંને નવેસરથી રચવાનાં ખુદાઇ કામમાં મદદ કરે.



પાઠ ૨૪ મો.

જાહેર અને બાતેન તરીકાઓ.

સવાલ—જાહેર તરીકામાં શું કરવું?

જવાબ—સામાન્ય નીતિથી ચાલવું; દરરોજની ફરજ અદા કરવી; કરણી સુધારવાને ધર્મ ક્રિયાઓ કરવી અથવા કરાવવી; પ્રમાણીક ઉદ્યોગ કરવો; સખાવત કરવી; સાચુ બોલવું; માણસો ઉપર અને સર્વે પ્રાણીઓ ઉપર દયા કરવી; આપણી બરોબરીયાંઓ સાથ મોહોબતથી વરતવું; આપણાથી વડીલોને માન આપવું; આપણને ઘડીભર નુકશાન ખમવું પડતુ હોય તે છતાં લોકોનુ ભલુ થતું હોય એવાં નેકીનાં કામો કરવાં; જુદાઇ તજવી; વગેરે.

સ.—જાહેર તરીકામાં કયાં પુસ્તકોની જરૂર છે?

જ.—ખોરદેહ અવસ્તા, વંદીદાદ, યજશ્ને, વીસપરદ, હાદોખ્ત નુસ્ક, દીનકર્દ, બુનદેહુશ, દાદસ્તાને દીની, વગેરે.

સ.—બીજાં કાંઇ પુસ્તકો છે કે?

જ.—હા; પવિત્ર ગાથા; હોરમજદ, હફતન અને હોમ યશ્તો, વગેરે બાતેન તરીકા ઉપર આવવાને માણસને તૈયાર કરે છે.

સ.—બાતેન તરીકામાં શું કરવું?

જ.—તે હુમણાં મને શીખવવામાં આવ્યું નથી; પણ એવું કહેવાય છે કે જાહેર તરીકા કરતાં તેમાં વધારે ઉંચી નીતિથી ચાલવું પડે છે; વધારે સાદા ખોરાક ઉપર રેહેવું પડે છે; જે દુઃખો પડે તે ધીરજથી સહન કરવાં પડે છે; કોઇને મનથી, વાચાથી કે કામથી દુઃખ દેવાય નહીં, વગેરે કાનુનોથી ઉંચી જાતની મીનોઇ જીંદગી ગુજારવાની હોય છે.

સ.—બાતેન તરીકાનાં પુસ્તકો કયાં છે?

જ.—પવિત્ર "ગાથા," "દસાતીર," "જામે કયખોશરૂ," "ખીશતાબ, જરેદશ્ત અફશાર, જીંદેહરોદ," "દબીસ્તાન," "ખાલદીયન ઓરેકલ્સ" અથવા "જરથોશ્તના સુકનો," ઇત્યાદી.